# આત્મધર્મ

માસિક : વર્ષ-૭ * અંક-૯ * મે, ૨૦૧૩



## ૧૨૪મો મંગલકારી જન્મ મહોત્સવ

ગુરુદેવશ્રી ''ચૈતન્યને ઓળખો....ઓળખો'' એવી ગર્જના કરતા; 'જ્ઞાયકદેવ, ભગવાન આત્મા...ભગવાન આત્મા'નો પોકાર કરતા; બધાને 'ભગવાન' કહીને બોલાવતા. પોતે તો ભગવાન સ્વરૂપે હતા. અલ્પકાળમાં ભગવાન થઈ જવાના....ભરતક્ષેત્રના ભાગ્ય કે ગુરુદેવ અહીં જન્મ્યા.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ ....સમ્યગ્દષ્ટિ જીવ સ્વર્ગમાં દેવેન્દ્ર, લોકાન્તિકદેવ વગેરેની વિભૂતિ પામીને વિમાન, પરિવાર વગેરે સંપદાઓને જીર્ણ, તૃણ સમાન ગણતો થકો પાંચ મહાવિદેહમાં જઈને જુએ છે. શું જુએ છે? 'તે આ સમવસરણ છે, તે આ વીતરાગ સર્વજ્ઞ ભગવાન છે, તે આ ભેદાભેદ રત્નત્રયના આરાધક ગણધરદેવાદિ છે'; જે પહેલાં સાંભળ્યા હતા તેમને આજ પ્રત્યક્ષ જોયા'—એમ સમજીને ધર્મમાં બુદ્ધિ વિશેષ દઢ કરીને ચોથા ગુણસ્થાનને યોગ્ય આત્મભાવનાને ન છોડતાં બુદ્ધિ વિશેષ દઢ કરીને ચોથા ગુણસ્થાનને યોગ્ય આત્મભાવનાને ન છોડતાં, ભોગ ભોગવવા છતાં પણ ધર્મધ્યાનમાં કાળ નિર્ગમન કરીને સ્વર્ગમાંથી આવીને તીર્થંકરાદિ પદને પામે છે. ૧૩૫૧.

*(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્-દ્રવ્યસંગ્રહ, ગાથા—૩૮ની ટીકામાંથી)*

✻ જૈન શાસ્ત્રોમાં અનેક ઉપદેશ છે તેને જાણે તો ખરો પણ ગ્રહણ તો તેનું જ કરે કે જેથી પોતાનો વિકાર દૂર થાય. પોતાને જે વિકાર હોય તેનો નિષેધ કરવાવાળા ઉપદેશને ગ્રહણ કરે પણ તેને પોષવાવાળા ઉપદેશને ન ગ્રહણ કરે. એ ઉપદેશ અન્યને કાર્યકારી છે એમ જાણે. અહીં ઉદાહરણ—જેમ શાસ્ત્રમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયપોષક ઉપદેશ છે તથા કોઈ ઠેકાણે વ્યવહારપોષક ઉપદેશ છે, ત્યાં પોતાને જો વ્યવહારની અધિકતા હોય તો નિશ્ચયપોષક ઉપદેશને ગ્રહણ કરી યથાવત્ પ્રવર્તે તથા જો પોતાને નિશ્ચયની અધિકતા હોય તો વ્યવહારપોષક ઉપદેશને ગ્રહણ કરી યથાવત્ પ્રવર્તે. ૧૩૫૨. *(શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ—૮, પાનું—૩૦૦)*

✻ સંસારમેં રહેનેવાલે પ્રાણીકે જો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સંયમ, તપ, વ શીલ આદિ ગુણોંકા રખનેવાલા ભી હૈ પરંતુ યદિ ઉસકે મનમેં લોભકી આગ જલ રહી હૈ તો ઉસકે પાસસે સંક્લેશભાવ નહીં હટતા હૈ. નાના પ્રકારકે રત્નોંકે સમૂહકો વ જિસકા પાર કરના કઠિન હૈ ઐસે જલકો ધારણ કરનેવાલે સમુદ્રકે બીચમેં રહા હુઆ દાવાનલ ક્યા સંતાપકો યા ક્ષોભકો નહીં કરતા હૈ? ૧૩૫૪.

*(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૮૭)*

✻ જેમ કોણ સમજદાર પુરુષ બળતાં ઘરમાં શયન કરવાની ઈચ્છા કરે? તેમ ક્યા જ્ઞાની પુરુષ જન્મ—મરણ આદિરૂપ અગ્નિ વડે પ્રજ્વલિત લોક વિષે ચિંતા રહિત થઈને શયન કરે? જ્ઞાનીને સંસારનો મોટો ભય છે. અસાવધાન થઈને જ્ઞાની શયન કરે નહિ. સંસાર પરિભ્રમણથી આત્મની રક્ષા કરવા માટે જ્ઞાની સદાય સાવધાન રહે છે. ૧૩૫૫. *(શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૪૪૫)*

વર્ષ–૭

અંક–૯







સંવત


૨૦૬૯

May

A.D. 2013

# પૂજ્ય ગુરુદેવ જો ન હોતે તો ક્યા હોતા? તત્ત્વકા સૂર્ય અસ્ત હો ગયા હોતા.....



## ✍ તંત્રી સ્થાનેથી....

પૂજ્ય ગુરુદેવશ્રીની કલ્યાણવર્ષિણી ૧૨૪મી જન્મજયંતીના સંદર્ભમાં ઉપરોક્ત કવિ-પંક્તિના હાર્દનો તાગ લેવા થોડું મંથન જરૂરી ગણાય.

એ તો સર્વને સુવિદિત હોય જ કે સૂર્યાસ્ત થઈ જતાં જગતની શું સ્થિતિ સર્જાતી હોય છે. નિશાચર પ્રાણી સિવાયના જગતના સમસ્ત જીવો પુરુષાર્થવિહિનદશામાં નિંદ્રાધીન થયા થકા મૃતપ્રાય બની જાય છે; તેમને આવી દશાથી બચાવવા આજનો સુપર કોમ્પ્યુટરયુગ પણ નિષ્ફળ સાબિત થયો છે. પરંતુ જ્યાં સૂર્યોદય થાય છે કે સમસ્ત જીવરાશિ સ્વયંસ્ફૂરિત પ્રવૃત્તિમય પુરુષાર્થયુક્ત સંચેતનાવંત બની જાય છે. જનજીવનને જાગૃત થવામાં નિમિત્તભૂત થનાર સૂર્યોદયના સામર્થ્યની અને જનજીવનને મૃતપ્રાય થવામાં નિમિત્તભૂત થનાર સૂર્યાસ્તના સામર્થ્યની પ્રાબલ્યતા સમજવા કોઈ વિશેષ ઉદાહરણની જરૂર સંભવતી નથી.

તેવી જ રીતે અંધારે ડૂબેલા સત્‌ને પ્રાણવંતુ કરનાર કહાનસૂર્યનો ઉદય થતાં જગતના સમકાલિન અને ભાવિ ભવ્યજીવો અર્થે કેવો અદ્‌ભુત આશ્ચર્યકારી કલ્યાણમાર્ગનો ઉદ્યોત થવા પામ્યો છે એ તો સર્વને સુવિદિત હોય જ; એટલે જો એ કહાનસૂર્યનો ઉદય થયો ન હોત તો શું થાત! એ વિચારતાં પણ ત્રાસ થઈ જાય તેવું છે, જેમ કે સૂર્યાસ્ત થયા બાદ જો સૂર્યોદય થાય જ નહીં તો! એમ જો પૂજ્ય ગુરુદેવ ન હોત તો ભવ્યજીવોના કલ્યાણના કારણરૂપ તત્ત્વજ્ઞાનનો સદાય સૂર્યાસ્ત જ રહેવા પામત ને તો શું થાત?—કે—

(૧) મહાવિદેહમાં સદેહે જઈને ભગવાન શ્રી સીમંધરપ્રભુની દિવ્યધ્વનિને અવધારીને સર્વજ્ઞનો વિરહ ભુલાવનારા સમયસાર આદિ ગ્રંથોની અહીં રચના કરનાર ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ આદિ અનેક આચાર્યોની કૃપામૃતવર્ષા શાસ્ત્રોના ભંડારમાં જ સૂકાઈ જાત! (૨) સેંકડો આચાર્યદેવોએ પોતાના શુદ્ધોપયોગમાંથી સમય ફાળવીને રચેલ તત્ત્વકૃતિનું નામ કે તેના રચયિતાના નામના શ્રવણનું પણ આપણને સૌભાગ્ય સાંપડવું દુર્લભ નીવડ્યું હોત! (૩) અને તો તત્ત્વકૃતિનું જે વાચ્ય તેના શ્રવણની તો કલ્પના પણ અસંભવિત! (૪) અને તો ભવસમુદ્રમાં ડૂબતાં ભવ્યજીવોને—આપણને ભવસમુદ્ર તરવાની વાત તો દીવાસ્વપ્ન બની જાત! (૫) અને તો શું થાત?—કે—

ભવ્યજીવોને કર્તૃત્વના કોલાહલથી મુક્તિ અપાવનાર ક્રમબદ્ધના શંખનાદમાં ‘જો’ અને ‘તો’ને જ્યાં અવકાશ જ રહેવા પામ્યો ન હોય ત્યાં, પૂજ્ય ગુરુદેવ ‘જો’ ન હોતે ‘તો’ ક્યા હોતા?—એ પરિકલ્પના વડે, કહાનસૂર્યના ઉદયથી તત્ત્વજ્ઞાનનો જે સૂર્ય જૈનજગતમાં ઝળહળી ઊઠ્યો તે વાસ્તવિકતાને વિચારીને તેમનો ઉપકાર અનુભવનીય કરવો જ રહ્યો.

ત્રાજવાના એક પલ્લામાં પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકારને મૂકીએ ને બીજા પલ્લામાં મેરુ પર્વત મૂકીએ તોપણ ઉપકારનું પલ્લું ઊંચકાવવું અશક્ય! વાહ! ‘ગજબનું સત્ય!’ કઈ રીતે? કે—કદાચિત્ કોઈ ગણિતના રસિયાને ભગવાનના સમવસરણમાં મેરુનું વજન જાણવાનો વિકલ્પ ઊઠે તો મેરુનું માપતોલ જાણવું બને કેમ કે તે મર્યાદિત છે. પરંતુ કોઈ ગુરુભક્તને ગુરુદેવશ્રીના ઉપકારનું મૂલ્ય કેટલું તેનો વિચાર ઉદ્ભવે તો તેને અંતઃકરણમાંથી પ્રત્યુત્તર એમ મળશે કે ત્રાજવે મેરુ તોળવો સુલભ છે પણ મારા ગુરુના ઉપકારના તોલમાપ કરવા દુર્લભ છે. આ પ્રત્યુત્તર કાંઈ કલ્પના નથી પરંતુ મેરુ પર્વતનું વજન તો મર્યાદિત છે, જ્યારે જેમણે ભયંકર ઉપદ્રવી ભવસમુદ્રમાં ડૂબતાં ભવ્યજીવોને કિનારે પહોંચાડવા કુશળ નાવિકનું કાર્ય કર્યું હોય તે ઉપકારનું તોલમાપ અમર્યાદિત હોવાથી, ઉપકારનું પલ્લું મેરુના વજનથી ન ઊંચકાય તે ‘ગજબનું સત્ય’ નિતાંત સત્ય છે.

‘ગજબનું સત્ય’ શું ગુરુભક્તિ પૂરતું મર્યાદિત સમજવું કે કાંઈક તત્ત્વજ્ઞાન સાથે સંકળાયેલું હશે?—એનો વિશેષ વિચાર કરતાં ‘ગજબનું સત્ય’નો મહિમા વધુ ભાસશે.

આચાર્ય ગુણભદ્રસ્વામી કહે છે કે આશારૂપી કૂવામાં વિષયરૂપી સામગ્રી જેમ જેમ નાખવામાં આવે તેમ તેમ કૂવો પૂરાવાને બદલે વધુ ને વધુ ઊંડો થતો જાય છે! બસ, એવી જ રીતે, જેમ જેમ ગુરુ-ઉપકારનો મહિમા સમજાતો જાય છે તેમ તેમ ગુરુ દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનનું વિશેષ-વિશેષ ભાવ-ભાસન થતું જાય છે. જેમ જેમ તત્ત્વજ્ઞાનનું ભાવ-ભાસન

વધતું જાય છે તેમ તેમ ગુરુ-ઉપકારની મહિમા વધતી જાય છે. એ રીતે ગુરુ-ઉપકાર-મહિમા વધે એટલે તત્ત્વજ્ઞાન વધે અને તત્ત્વજ્ઞાન વધે એટલે ગુરુ-ઉપકાર-મહિમા વધે—એમ થતાં થતાં તત્ત્વજ્ઞાનનું ભાવભાસન એની ચરમસીમાએ પહોંચે છે અને તે વખતે અનંતા તીર્થંકરોથી પણ અધિક ગુરુ-ઉપકાર હોવાનું અનુભવાય છે. આમ, પહેલું 'ગજબનું સત્ય'—એ તત્ત્વજ્ઞાન સાથે સંકળાયેલું છે.

ભવોદધિ તારવા સમર્થ એવું જે મૂળભૂત તત્ત્વજ્ઞાન સમવસરણમાં ન સમજી શક્યો તે માત્ર ૪૫ વર્ષોના ઉપદેશથી સમજી શકાય એટલું જેઓના પ્રતાપે સરળ બન્યું હોવા છતાં સ્વાનુભૂતિ કેમ દૂર?—કે "અર્પણતા પૂરી નવ અમને આવડી!" બસ, ગુરુ-તત્ત્વોપદેશ પ્રતિ અર્પણતાની ખામીના કારણે 'કોરો' રહ્યો છે, નહીં કે ગુરુ-તત્ત્વ પ્રરૂપણામાં કાંઈ બાકી રહી ગયું છે માટે 'કોરો' રહ્યો છે! અર્થાત્ પૂજ્ય બહેનશ્રીની ભાષામાં સમજીએ કે જો ગુરુ-અર્પણતામાં ખામી ન હોય અને આત્મા પ્રાપ્ત ન થાય તો ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે! તેથી,—

હે જિનશાસનસેવી ગુરુવર! ઉપકાર મહાન તુમ્હારા!—એ વાસ્તવિકતાને નિરંતર સ્મરણમાં રાખીને, 'જગતના જીવો મોક્ષના માર્ગને પામો'—એવા આપના વિકલ્પને ચરિતાર્થ કરવા, આપે પ્રરૂપેલાં અધ્યાત્મના ઊંડા રહસ્યોના આત્મચિંતન વડે, આજના ૧૨૪મા કલ્યાણવર્ષિણી જન્મદિને આપના ચરણોમાં શ્રદ્ધા-સુમન સમર્પણ કર્યાનો પ્રમોદ અનુભવીએ એ જ ભાવના...

---

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

અહો! ઉપકાર જિનવરનો, કુન્દકનો, ધ્વનિ દિવ્યનો,
જિન, કુન્દ, ધ્વનિ આપ્યા અહો તે ગુરુક્હાનનો.



# ભગવાનને સમજાવે છે ભગવાન !!

(પૂજ્ય ગુરુદેવશ્રીની કલ્યાણવર્ષિણી ૧૨૪મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં)



✿ અહો! ભગવાન પણ બધા આત્માને કહે છે કે તું ભગવાન છો! પર્યાયે પામર છતાં દૃષ્ટિએ બધા પ્રભુ છે. પરંતુ ઈ વાત બોલવામાં આવ્યે ન સમજાય, પરંતુ દૃષ્ટિમાં આવ્યે સમજાય. ૧.

✿ અરે! એને એની દયા નથી. જીવને જીવની દયા નથી. ભગવાન! તને તારી દયા નથી. દયા હોય તો વિચાર કર કે અરે! અનાદિથી રખડતો આ આત્મા કેમ સુખી થાય! ૨.

✿ નિજ સ્વરૂપનો ઉપયોગ તે સુખ છે. તે આબાલ-ગોપાળ કરી શકે છે. એ વિના શાંતિનો બીજો કોઈ ઉપાય નથી. ૩.

✿ ભાવશ્રુતજ્ઞાનરૂપ પરિણમન કે જેમાં સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર સમાય છે તે ભાવશ્રુતજ્ઞાનરૂપ પરિણમન અખંડ એક દ્રવ્યના આશ્રયે પ્રગટે છે જે સર્વજ્ઞના કથનનો સાર છે. ૪.

✿ આત્મા સહજ આનંદ સ્વરૂપ છે તે ખરેખર દુખઃરૂપ નથી કેમકે પદાર્થનો સહજ સ્વભાવ અવિકૃત હોય છે. તેથી અસલમાં દુઃખ નથી. ૫.

✿ એક આત્માને જાણતાં સર્વ જાણી શકાય છે. કેમકે આત્માો સર્વને જાણવાનો સ્વભાવ છે. આત્માનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી સ્વને જાણતા પર જણાઈ જાય છે. ૬.

✿ મહામુનિઓને રાજા આદિનો સંગ થાય તે પણ મરણતુલ્ય લાગે છે. પુણ્યવંતમાં કંઈક બધું સરખું રાખવું પડે તેથી પુણ્યવંતોથી વૈરાગીઓને દૂર રહેવું સારું છે. ૭.

✿ હે આત્મા! તું જ તારો મિત્ર છો, તું બહારમાં મિત્ર ક્યાં ગોતે છો? ૮.

✿ ભાઈ! તને પ્રાપ્ત કરવા માટે તારી શ્રુતજ્ઞાનની પર્યાય જ બસ છે! બીજું આ કરું ને તે કરું ઈ વાત જ નથી. આ તો સહેલીસટ વાત છે, અંતરના પ્રેમ દ્વારા એ જ્ઞાનને વાળતાં એ પર્યાયને દ્રવ્યનું આલંબન મળે છે. ૯.

✿ આ પર્યાય કરવા જેવી છે અને આ પર્યાય કરવા જેવી નથી—એવા પણ વિકલ્પનો અભાવ થાય ત્યારે તેણે પરમાત્માને માન્યો કહેવાય...અને ત્યારે ઈ જ્ઞાતાદૃષ્ટા થયો કહેવાય. ૧૦.

✿ આત્માનું જ્ઞાન સ્વ-પરપ્રકાશક હોવાથી તેના અનુભવના કાળમાં પણ તે જ્ઞાન સ્વરૂપ જ્ઞાનને પણ પ્રકાશે છે અને આનંદને પણ પ્રકાશે છે તેથી તેને નિશ્ચયથી સ્વ-પરપ્રકાશક કહેવાય છે. ૧૧.

✿ એકલું જાણવું-જાણવું-જાણવું જ્ઞાતા-જ્ઞાતા-જ્ઞાતા મારું સ્વરૂપ છે. હું કોઈનું કરી દઉં એવું મારું સ્વરૂપ નથી. દ્રવ્યને જોવાનું જેનું પ્રયોજન છે એવા દ્રવ્યાર્થિકનયે દ્રવ્યસ્વરૂપ તો ચિન્માત્ર-ચૈતન્યમાત્ર જ છે. ૧૨.

✿ અનાદિના ઉલટા સંસ્કારોને તોડવા ઘણો પુરુષાર્થ માગે છે. ૧૩.

✿ જેને આવો વિકલ્પ લાવું એવી જેનામાં તાકાત નથી ત્યાં આ બધાના પરના કાર્ય હું કરી દઉં એ વાત જ નથી. રાગ આવે ઈ જુદી વાત છે પણ તેને લાવવાની સ્વરૂપમાં તાકાત જ ક્યાં છે?...તો પરનું કરી દઉં એ વાત જ ક્યાં રહી? ૧૪.

✿ વિકલ્પેય કર્યો થતો નથી તો આ બધું—મંદિરો, શાસ્ત્રો, રેકોર્ડિંગ રીલો વગેરે કોણ કરે છે? એ તો પુણ્યના યોગે સહજ શું બને છે તેની આ વાત છે. ૧૫.

✿ હે ભાઈ! રાગની ક્રિયાવાળો તને માનવો એ તારી મશ્કરી છે, તને એમાં કલંક લાગી રહ્યું છે, એમાં તારી શોભા નથી. ૧૬.

✿ સાતમી નરકમાં પડ્યો-પડ્યો પણ પોતાની મતિમાં આત્માને વસાવે છે. પંચેન્દ્રિયના ઉત્કૃષ્ટ દુઃખોનું એ સ્થાન છે છતાં આ દુઃખ તે હું નહીં, સંયોગ તે હું નહીં, વિકલ્પ તે હું નહીં. એક સમયની પર્યાયમાં પણ પર્યાયને વસાવતો નથી પણ એક સમયની પર્યાયમાં દ્રવ્યને વસાવ્યું છે. ૧૭.

✿ પહેલા ચોવીસ કલાક સ્વભાવ....સ્વભાવ...સ્વભાવ એમ સ્વભાવની રુચિ થવી જોઈએ, ભલે વિકલ્પ હોય પણ સ્વભાવની રુચિ થવી જોઈએ, પછી પાછળથી અનુભવ થાય છે. ૧૮.

✿ ચોવીસે કલાક આત્માકી રુચિ ઔર સન્મુખતાકા પ્રયત્ન કર સકતે હો ઔર ઉસકો અનુભવ હુએ બિના રહ સકતા નહીં. ૧૯.

✿ મિથ્યાત્વ કરવાનો આત્મામાં કોઈ ગુણ જ નથી. સમ્યક્ત્વ કરવાનો જ આત્મામાં ગુણ

છે. વીતરાગપણે પરિણમવાનો જ આત્મામાં ગુણ છે. નિર્ણય કરવાનો જ આત્મામાં ગુણ છે. ૨૦.

✿ વાત ઈ છે કે જેને અંતરસ્વભાવની મહત્તા આવતી નથી તેને બહારની મહત્તા ખસતી નથી. આ કારણ હોય ને તે કારણ હોય...પણ તું પોતે છો કે નહીં ? ૨૧.

✿ જૈન એટલે અંતરમાં સમાય તે જૈન છે. બહારના જેટલા ઉભરા આવે એ તો બધા પ્રકૃતિના ચાળા છે, વિકલ્પ ઊઠે ઈ પણ બધા પ્રકૃતિના ચાળા છે અને બહારનું જે બધું થાય છે એ બધું પુદ્‌ગલ પરાવર્તન અનુસાર થયા જ કરે છે. ૨૨.

✿ જેણે બહારમાં—ક્યાંક રાગમાં, ક્યાંક સંયોગમાં, ક્ષેત્રમાં એમ ક્યાંક ને ક્યાંક કોઈ દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં આ ઠીક છે એમ માનીને ત્યાં વિસામામાં કાળ ગાળ્યો તેણે પોતાના આત્માને ઠગી લીધો છે. ૨૩.

✿ આ પૈસાવાળો અને આ સારા નિરોગ શરીરવાળો એમ ન જો, પણ આ કેવળી થઈ ગયા, આ પૂરા થઈ ગયા અને મારે પર્યાયમાં હજુ અધૂરું છે એમ જો ને! ૨૪.

✿ હે ભાઈ! તારે માથે ભૂતકાળમાં બહુ વીતી ગઈ છે પણ તેં તારો ઈતિહાસ કદી જોયો નથી....વર્તમાનમાં તો ક્યાં કાંઈ પ્રતિકૂળતા હતી! મફતનો માની બેઠો છે. ૨૫.

✿ સર્વજ્ઞ આ આત્માને જ્ઞાયકસ્વભાવી જીવતત્ત્વ જાણે છે, પુણ્ય-પાપના ભાવ થાય છે તેને આસ્રવ તત્ત્વ કહે છે અને શરીરાદિને અજીવતત્ત્વ જાણે છે...એમ જ્યારે પોતાનું જ્ઞાન પણ ભિન્નભિન્નપણે જાણે ત્યારે ભેદજ્ઞાન થાય. ૨૬.

✿ શુદ્ધ આત્મા સિવાય બીજા પાંચ દ્રવ્યો અને સંસારી જીવનું જ્ઞાન કરનારને જ્ઞાન નથી તેમ સુખ નથી. ૨૭.

✿ પહલે મેં જ્ઞાયક સ્વભાવ હૂઁ, ફેરફાર કરનેવાલા નહીં ઐસા નિશ્ચય કરના ચાહિએ. મૈં જ્ઞાયક હૂઁ ઐસા નિશ્ચય કરતે હૈ તો જ્ઞાતાદ્રષ્ટા હો જાતા હૈ. ૨૮.

✿ જો પર્યાય હોનેવાલી હૈ ઉસકો કરના ક્યા? ઔર નહીં હોનેવાલી હૈ ઉસકો કરના ક્યા? ઐસા નિશ્ચય કરતે હી કર્તૃત્વબુદ્ધિ તૂટકર સ્વભાવ સન્મુખ હો જાતા હૈ. ૨૯.

✿ એક પર્યાયમાં બીજા બધા દ્રવ્યની પર્યાયનો અભાવ છે. એક પર્યાય અને બીજી પર્યાય વચ્ચે અભાવની વજ્રની શીલા પડી છે ત્યાં એક પર્યાય બીજી પર્યાયને કરે શું? ખલાસ! મારું કોઈ કરે નહીં, હું પરનું કરી શકું નહીં એટલે એને પરની સામું જોવાનું રહ્યું જ ક્યાં? પરની આશા કરવાની રહી જ નહીં...બસ ખલાસ! ૩૦.

✿ અરે! આવા ચમત્કારી સ્વભાવની વાત સ્વના લક્ષે સાંભળે તો મિથ્યાત્વના ભૂકા ઉડી જાય એવી આ વાત છે. ૩૧.

✿ શરીર સારું હોય ત્યાં સુધી આંખ ઉઘડે નહીં ને ક્ષણમાં દેહ છૂટતા અજાણ્યા સ્થાને હાલ્યો જઈશ! નાની નાની ઉંમરના પણ ચાલ્યા જાય છે માટે તારું કાંઈક કરી લે. ૩૨.

✿ ઈ નજર કરે ને!—કે પરના કાર્ય મારા નહીં ત્યાં દુઃખ હળવું થઈ જાય છે. ૩૩.

✿ અરીસામાં તલ દેખાણો ત્યાં કાંચને ઘસવા માંડ્યો....એમ પર્યાયમાં અજ્ઞાનને લઈને દુઃખ થયું ત્યાં બહારમાં જે સંયોગ છે તેને દુઃખરૂપ માનીને એને ખસેડવા મથે છે. ૩૪.

✿ સગવડતા તો સ્વભાવને અનુકુળ થા તો થાય! ૩૫.

✿ પુણ્યભાવના ભાવ તો હેય છે પરંતુ ચાર જ્ઞાનની પર્યાય પણ હેય છે. ૩૬.

✿ જેમ સ્વચ્છ જળને જોતાં તેમાં ચંદ્ર-તારા જણાઈ જાય છે, ચંદ્ર-તારાને જોવા જવું પડતું નથી. તેમ ભગવાનના જ્ઞાનની સ્વચ્છતા જ એવી છે કે એ સ્વચ્છતાને દેખતાં લોકાલોક એમાં જણાઈ જાય છે, લોકાલોકને દેખવા જવું પડતું નથી. ૩૭.

✿ વાણી કેમ આવવી અને વિકલ્પ કેવો ઊઠવો એ સ્વભાવના અધિકારની વાત નથી. ખરેખર તો આત્માના નિશ્ચય સ્વભાવમાં તો વિકલ્પની ગંધ પણ નથી. ૩૮.

✿ અનુકૂળતાને દેખીને રાગ અને પ્રતિકૂળતાને દેખીને દ્વેષ એ બધા જીવતાં મર્યાં છે. ૩૯.

✿ વ્યવહાર એટલે વિઘનરૂપ (વિઘ્નરૂપ) ભાવ આવે તે...એની હોંશ ને હરખ શું? ૪૦.

✿ અજ્ઞાનીની સૃષ્ટિ વર્તમાન જ્ઞાનનો ઉઘાડ કે શુભાશુભ વિકલ્પો કે એના ફળ...બસ, એ જ એનું સર્વસ્વ છે, ત્યાં જ એની દૃષ્ટિ લંબાણી છે...આત્મામાં નજર કરે તો આ દુઃખની સૃષ્ટિ ચાલી જાય. ૪૧.

✿ ગમે તેટલી મહેનત કર અને શુભાશુભભાવના હથોડા પછાડ પણ દ્રવ્યસ્વરૂપ ત્રણ કાળમાં વિકારરૂપ થવાનું જ નથી. ૪૨.

✿ મને ન સમજાય એમ તું કહે છો કેમ? એમાં તારી લાયકાત હાનિ પામે છે. મને ન સમજાય એમ માનનાર પોતાને હીણો કરીને, બીજાની મહિમા કરીને સાંભળે છે. ૪૩.

✿ જે જ્ઞાનનો ક્ષયોપશમ આત્માને દુઃખનું કારણ થાય એ પણ ખરેખર જડ છે. જ્ઞાન તો તેને

કહીએ કે જે આત્માને આનંદ આપે. દુઃખ આપે તે ક્ષયોપશમ પણ ખરેખર જડ છે. ૪૪.

✿ મિથ્યાત્વ, અવિરતી આદિ પાંચ ભાવો બંધનું કારણ છે ને નાશ થાય ત્યારે મુક્તિ એમ નહીં, પણ એના અભાવરૂપ મુક્તિસ્વરૂપ જ સ્વભાવ છે. ૪૫.

✿ એક બાજુ ભ્રમણા છે ને એક બાજુ ભગવાન છે. ૪૬.

✿ શરીરને બાદ કરો, પુણ્ય-પાપને બાદ કરો, અલ્પજ્ઞતાને બાદ કરો તો બાદ કરતાં કરતાં જે બાકી રહી જાય તે આખો આત્મા છે. ૪૭.

✿ જે મતિએ પોતાના ભગવાન આત્માની કિંમત કરી એ મતિમાં સંસાર કેમ હોય? એ મતિમાં ભગવાનપણું થાય અને મતિ રાગની કિંમત આંકે તો એના ફળમાં સંસાર જ હોય. ૪૮.

✿ મારું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ, એના વિના મારે હાલે અને આ શરીર-સ્ત્રી-કુટુંબ આદિ વિના મારે ન ચાલે....ગજબ વાત છે ને?! ૪૯.

✿ કાં તો ઈ થાય એના ભગવાનનો, કાં તો થાય રાગનો, ત્રીજી કોઈ ચીજ એની નથી. કાં થાય વીતરાગ સ્વભાવનો, કાં થાય રાગનો, ત્રીજાનો ઈ થતો જ નથી. આમ વાત છે. ૫૦.

✿ વ્યવહારને નિશ્ચયજ્ઞાન કરે નહીં અને વ્યવહારને કરે તેને નિશ્ચયજ્ઞાન રહે નહીં. વ્યવહારનું જ્ઞાન નિશ્ચયના જ્ઞાનવાળાને હોય પરંતુ વ્યવહારનું કર્તૃત્વ હોય નહીં. ૫૧.

✿ પરનું કરું ને પરમાંથી લઉં એ તો વસ્તુમાં નથી. પરંતુ મારા ગુણમાંથી કાઢું એવો વિકલ્પ પણ વસ્તુમાં નથી. ઉત્પાદ-વ્યય-ધ્રુવનો વિચાર પણ રાગ છે. ૫૨.

✿ એક હી સત્‌મેં એક સત્‌કો દૂસરે સત્‌કી અપેક્ષા નહીં ઐસી વસ્તુ હૈ. વર્તમાન અલ્પજ્ઞતા, અલ્પવીર્ય, અલ્પદર્શન અને વિકાર જેટલી જે બુદ્ધિ છે તેનો નાશ કરીને ત્રિકાળીની બુદ્ધિ પ્રગટ કર! ૫૩.

✿ આ વાત કઠણ તો છે પણ એની વિચારધારા કરતાં કઠણતા ગળી જાય એમ છે. ૫૪.

✿ ચિત્તને ક્યાંક ને ક્યાંક રોકી રાખીને જે સમાધાન કરે છે કે કાંઈ વાંધો નહીં, આપણે કાંઈક ઠીક કરીએ છીએ એમ માનનારે પોતાના આત્માને ઠગી લીધો છે. ૫૫.

✿ આ બધું સ્વભાવનું માહત્મ્ય અને રાગનું માહત્મ્ય એ બે વચ્ચેની બધી વાતો છે, બાકી બધું તો સમજવા જેવું છે. ૫૬.

- ✿ લાખ વાતની વાત છે કે ચિદાનંદપ્રભુનો સંગમ કર, સંબંધ કર અને આ બધાનો સંબંધ છોડ! ૫૭.
- ✿ રાગથી અને નિમિત્તથી એકતા તે અધર્મ...અને રાગથી ને નિમિત્તથી ભિન્નતા કરવી તે ધર્મ... ૫૮.
- ✿ જેમ અનાદિથી ઈ આત્મા વિના ચલાવે છે તેમ રાગ વિના ચલાવતા શીખ! ૫૯.
- ✿ મરણ થવા છતાં જેની કિંમત કરી હશે તે નહીં છૂટે. રાગ-દ્વેષ ને સંયોગની કિંમત કરી હશે તો તે નહીં છૂટે. આત્માની કિંમત કરી હશે તો તે નહીં છૂટે. જેનું મૂલ્ય આવ્યું હશે તે છૂટશે નહીં. (ડૉ. બળવંતભાઈ મહેતા, ગુજરાતના મુખ્યમંત્રીના આકસ્મિક મૃત્યુ પ્રસંગે) ૬૦.
- ✿ સત્‌ને માટે આખું જગત વેચાઈ જાવ, આખું જગત જાવ, પણ આત્મા જતો ન કરાય. ૬૧.
- ✿ યથાર્થ નિશ્ચય કરવો ઈ ખરો વિનય છે. ૬૨.
- ✿ આટલું આમ કરું ને આમ કરું ને....આટલું વાંચુ ને...કરું ને... એમ જેની દૃષ્ટિ પડી છે, તેને પરમાત્મા હેય વર્તે છે. ૬૩.
- ✿ અહો! દેહથી ભાગીને, છૂટીને, બહાર નીકળવાનો આ કાળ! તેમાં એને ચોંટીને પડ્યો! ૬૪.
- ✿ બીજાઓ માને છે તે બરાબર નથી, તેને હું સમજાવી દઉં...તે આમ સમજે...આવી વાણી નીકળે તો ઠીક...એ બધું વિષમતા છે. ૬૫.
- ✿ એને સારું થવું નથી પણ દુનિયા પાસે સારું થવું છે! મારી નાખ્યો છે એની દૃષ્ટિએ! જ્ઞાનસ્વરૂપ છું એ જ સારું છે....એવી દૃષ્ટિ કરવી તે સારો થયો. ૬૬.
- ✿ સર્વજ્ઞે કહેલ તત્ત્વને સમજવામાં મહાન પુરુષાર્થ છે, કોઈ સાધારણ વાત નથી. ૬૭.
- ✿ અજ્ઞાનીજીવને આ હાડકાંની ને લાકડાંની પ્રશંસા ગમે છે!.....૬૮.
- ✿ દેહ તો તને છોડશે જ પણ તું દેહને (દૃષ્ટિમાં) છોડ એની બલિહારી છે. આ તો શૂરવીરનાં ખેલ છે. ૬૯.
- ✿ સંસારનું એક સમયનું આયુષ્ય છે, ભગવાનનું ત્રિકાળી આયુષ્ય છે. ૭૦.
- ✿ મારે બહારમાં નથી પડવું—એવો ભાવ પણ એક અભિમાન છે લ્યો! અભિમાનના ઘણા પ્રકાર છે. ૭૧.

✿ પોતાના ભગવાન સાથે આ જીવે તકરાર માંડી છે ને સુખને માટે બીજે બીજે ભટક્યા કરે છે! ૭૨.

✿ તારો પરમાત્મા તારી દૃષ્ટિથી વેગળો થઈ ગયો છે તેને તારી દૃષ્ટિની સમીપમાં લે! બસ આ વાત છે! આ સમજવું એ જ અમલમાં મૂકવું છે. ૭૩.

✿ જે બહારની સગવડતાએ સગવડતા માને છે, બહારની અગવડતાએ અગવડતા માને છે તે પ્રગટપણે ભગવાનને—આત્માને—શરીરસ્વરૂપે જ માને છે. ૭૪.

✿ વિકલ્પસે આત્માકો જાના ઐસા આત્મા હૈ હી નહીં. પરોક્ષજ્ઞાનસે વિકલ્પસે જાના ઐસા આત્મા હૈ હી નહીં. ૭૫.

✿ એકવાર બીજું બધું ભૂલી જા અને અનુભવ કર. આ સમયસારને અનુભવવાનો કાળ છે. નિમિત્ત, વિકાર અને એક સમયની પર્યાયનું પણ લક્ષ છોડીને પર્યાય દ્વારા આત્માને જો. ૭૬.

✿ શ્રોતા : આ વાત અમને સાંભળવા મળી છે માટે અમે ભાગ્યશાળી તો ખરા ને?

પૂજ્ય ગુરુદેવશ્રી : ના. ના. ભાગ્યશાળી નહીં. પોતાનું કામ કરે તો ભાગ્યશાળી, નહીં તો પૂર્વે અનંતવાર સાંભળ્યું છે. ૭૭.

✿ સત્યની વાત સમજવામાં ટકી રહેવું એ પણ એક પુરુષાર્થ છે. ૭૮.

✿ ભાઈ! તું શરીર સામું ન જો! તારા વિકલ્પ મફતમાં જાય છે ને આત્માનું કાર્ય પણ થતું નથી. શરીર દગો દેશે ભાઈ! તારા આત્માનું કરવાનું છે તે કરી લે. ૭૯.

✿ વર્તમાનમાં જરાક એક પ્રતિકૂળતા આવે તો એ એનાથી સહન થતી નથી પણ ભવિષ્યમાં અનંતી પ્રતિકૂળતા આવે એવા ભાવોથી છૂટવાની એને દરકાર નથી! ૮૦.

✿ શરીરની ક્રિયાથી ને રાગની ક્રિયાથી આત્માને ઓળખાવવો તે આત્માનું અપમાન છે. ૮૧.

✿ કર્મથી વિકાર થાય એમ જેણે માન્યું, અરેરે! તેણે આત્માનું ખૂન કરી નાખ્યું છે. ૮૨.

✿ જેના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણનારા ભગવાન બેઠા છે તેને ભવ હોય જ નહીં, કેમકે તેનું જ્ઞાન સર્વજ્ઞ સ્વભાવમાં જ ઢળે છે. ૮૩.

# મોક્ષમાર્ગની સરસ વાત

(પરમાર્થ-વચનિકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## શુદ્ધ નિશ્ચય–વ્યવહારને સમકિતી જ જાણે છે
## અધ્યાત્મપદ્ધત્તિથી મોક્ષ સધાય; બંધપદ્ધત્તિથી મોક્ષ ન સધાય

‘‘સમ્યગ્દષ્ટિ બાહ્ય ભાવને બાહ્ય નિમિત્તરૂપ માને છે; તે નિમિત્તો અનેકરૂપ છે, એકરૂપ નથી; તેથી અંતર્દષ્ટિના પ્રમાણમાં તે મોક્ષમાર્ગ સાધે છે. સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણની કણિકા જાગ્યે મોક્ષમાર્ગ સાચો. મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર, અને શુદ્ધ દ્રવ્ય અક્રિયરૂપ તે નિશ્ચય,–આવા નિશ્ચય–વ્યવહારનું સ્વરૂપ સમ્યગ્દષ્ટિ જાણે છે, મૂઢ જીવ તે જાણતો નથી ને માનતો પણ નથી. મૂઢ જીવ બંધપદ્ધતિને સાધતો થકો તેને મોક્ષમાર્ગ કહે છે પણ જ્ઞાતા તે વાત માને નહિ.–કેમ? કારણ કે બંધને સાધવાથી બંધ સધાય પણ મોક્ષ ન સધાય.’’

જુઓ, આ મોક્ષમાર્ગની સરસ વાત! ધર્મી જીવ કયા પ્રકારથી મોક્ષમાર્ગ સાધે છે ને અજ્ઞાની તેમાં શું ભૂલ કરે છે તે બતાવ્યું છે. ધર્મી જીવને સન્દેહરહિત સ્વાનુભવપૂર્વક દૃઢ નિર્ણય છે કે જ્ઞાનસ્વરૂપ જ હું છું, મારો મોક્ષમાર્ગ મારા જ્ઞાનસ્વરૂપના આશ્રયે જ છે. ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય તે મારો નિશ્ચય અને તેના આશ્રયે પ્રગટેલી શુદ્ધપર્યાય તે મારો વ્યવહાર; એ સિવાય રાગાદિ પરભાવો તે મારાથી બાહ્ય. જુઓ, અહીં વ્યવહાર કયો લીધો?–કે શુદ્ધ દ્રવ્યના આશ્રયે નિર્મળ પર્યાય વડે મોક્ષમાર્ગને સાધવો તે ધર્મીનો વ્યવહાર છે. અજ્ઞાનીને આવો વ્યવહાર હોતો નથી, ને આવા વ્યવહારને તે જાણતો પણ નથી.

શુદ્ધ દ્રવ્ય તે નિશ્ચય ને શુદ્ધ પરિણતિ તે વ્યવહાર, એમ કહીને નિશ્ચય–વ્યવહાર બંનેને એક જ વસ્તુના અંગ બતાવ્યા, અને રાગાદિ અન્ય ભાવોને વ્યવહાર ન કહ્યો પણ ‘નિમિત્ત’ કહીને તેને ભિન્ન બતાવ્યા. આમાં ઘણી સરસ વાત છે. આ વ્યવહાર પોતામાં છે ને નિમિત્ત પરમાં છે. નિશ્ચય–વ્યવહાર બંને એક પ્રકારનાં–એક જાતનાં છે, ને પરભાવરૂપ નિમિત્તો તો અનેક પ્રકારનાં છે. જેમ બાહ્ય દ્રવ્ય નિમિત્ત છે, તેના આધારે કાંઈ મોક્ષમાર્ગ નથી, તેમ અંદરનો શુભરાગ તે પણ બાહ્યદ્રવ્યની જેમ જ નિમિત્ત છે, તેના આધારે મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગથી તો જેમ અન્ય દ્રવ્ય બાહ્ય (ભિન્ન) છે, તેમ શુભરાગ પણ બાહ્ય છે, ભિન્ન છે. અંતર્દષ્ટિ વડે ધર્મી જીવ આવા મોક્ષમાર્ગને સાધે છે. સ્વભાવની અંતર્દષ્ટિ પૂર્વક જ મોક્ષમાર્ગ સધાય છે, એ અંતર્દષ્ટિ વગર મોક્ષમાર્ગ સધાતો નથી.

આવી અંતર્દૃષ્ટિ વગર અજ્ઞાની શુભરાગ કરે અને એ વ્યવહારરત્નત્રયાદિના શુભરાગને જ મોક્ષમાર્ગ માની લ્યે, પણ એ કાંઈ મોક્ષમાર્ગ નથી, એ તો માત્ર ભ્રમ છે. સમ્યગ્દર્શન થાય ને સ્વાનુભવની કણિકા જાગે ત્યારે જ મોક્ષમાર્ગ સાચો. એના વિના મોક્ષમાર્ગ ખોટો, એટલે કે મોક્ષમાર્ગ નહિ. અરે, સમ્યગ્દર્શન અને સ્વાનુભવ વગર, એકલા શુભરાગને મોક્ષમાર્ગ માનવો તે તો વીતરાગ જૈનમાર્ગની વિરાધના છે. જિન ભગવાને એવો મોક્ષમાર્ગ કહ્યો નથી. જિન ભગવાને તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે–કે જે સ્વાનુભવપૂર્વક જ હોય છે. સ્વરૂપાચરણરૂપ ચારિત્ર તે પણ ચોથા ગુણસ્થાને સ્વાનુભવપૂર્વક જ પ્રગટે છે. સ્વાનુભવ વગર શુભરાગ કરતાં કરતાં મોક્ષમાર્ગ પ્રગટી જાય એમ કદી બનતું નથી. અહીં તો કહે છે કે તે શુભરાગ બાહ્ય નિમિત્તરૂપ છે, અને તે પણ કોને?–કે અંતર્દૃષ્ટિથી જે મોક્ષમાર્ગને સાધે છે તેને તે શુભભાવ બાહ્ય નિમિત્ત છે, અજ્ઞાનીને તો તે મોક્ષમાર્ગનું નિમિત્ત પણ નથી. ઉપાદાનમાં જ તે મોક્ષમાર્ગને નથી સાધતો પછી મોક્ષમાર્ગનું નિમિત્ત તેને કેવું? અધ્યાત્મપદ્ધત્તિ જ તેને નથી, એકલી બંધપદ્ધત્તિમાં જ તે રાચી રહ્યો છે.

મોક્ષમાર્ગમાં વચ્ચે શુભરાગને નિમિત્તરૂપ કહ્યો, તે શુભરાગ બધા મોક્ષમાર્ગીને એક જ પ્રકારનો હોય–એમ નથી, તેમાં અનેક પ્રકારો હોય છે. સ્વભાવના પરિણામ એકસરખા હોય પણ વિકારના પરિણામ બધાને એકસરખા ન હોય. દ્રવ્યસ્વભાવ ત્રિકાળ એકસરખો છે; અખંડ–અક્રિય–શુદ્ધ દ્રવ્ય તે નિશ્ચય, ને તેના આશ્રયે મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર. મોક્ષમાર્ગ એટલે નિશ્ચય–રત્નત્રયપરિણતિ, તે ધર્મીનો વ્યવહાર છે. અને જે વ્યવહારરત્નત્રય (શુભરાગરૂપ) છે તે બાહ્યનિમિત્તરૂપ છે. અહીં મોક્ષમાર્ગપર્યાયને વ્યવહાર કહ્યો, આ મોક્ષમાર્ગ કાંઈ રાગવાળો નથી; વ્યવહારરત્નત્રય રાગરૂપ છે તે બંધપદ્ધત્તિમાં છે, ને નિશ્ચય રત્નત્રય મોક્ષમાર્ગપદ્ધત્તિમાં છે. મોક્ષમાર્ગનું ને નિશ્ચય–વ્યવહારનું આવું સ્વરૂપ સમ્યગ્દૃષ્ટિ જાણે છે; મૂઢ–અજ્ઞાનીને તેની ખબર પડતી નથી, અને સાંભળવામાં આવે તો પણ તેને એ વાત બેસતી નથી; એ તો બંધપદ્ધત્તિને (રાગને) સાધતો થકો એને જ મોક્ષમાર્ગ માને છે. પણ જ્ઞાની એ વાત માને નહિ. ભાઈ, રાગ તો બંધભાવ છે એના વડે મોક્ષ ક્યાંથી સધાય? અરે, બંધભાવ અને મોક્ષભાવ વચ્ચેનો પણ જેને વિવેક નથી એને શુદ્ધાત્માનું વીતરાગી સંવેદન ક્યાંથી થાય? અને સ્વાનુભવના કિરણ ફૂટ્યા વગર મોક્ષમાર્ગનો પ્રકાશ ક્યાંથી પ્રગટે? અજ્ઞાનીને સ્વાનુભવનો કણિયો પણ નથી, તો પછી મોક્ષમાર્ગ કેવો? સ્વાનુભવ વગર જે કાંઈ પણ ભાવ કરે તે બધાય ભાવો બંધપદ્ધત્તિમાં સમાય છે, તેનાથી બંધન સધાય છે, તે કોઈ ભાવ મોક્ષમાર્ગમાં આવતા નથી, તેનાથી મોક્ષ સધાતો નથી.

જેમ રાજમાર્ગની સીધી સડકમાં વચ્ચે કાંટા–કાંકરા ન હોય, તેમ મોક્ષનો આ સીધો–સ્પષ્ટ રાજમાર્ગ, તેમાં વચ્ચે રાગની રુચિરૂપ કાંટા–કાંકરા નથી. સંતોએ શુદ્ધપરિણતિરૂપ રાજમાર્ગે મોક્ષને સાધ્યો છે, ને એ જ માર્ગ જગતને દર્શાવ્યો છે.

પ્રશ્ન :—આ રાજમાર્ગ છે તો બીજો કેડીમાર્ગ હશે ને?


ઉત્તર :—કેડીમાર્ગ તે કાંઈ રાજમાર્ગથી વિરુદ્ધ તો ન જ હોય. રાજમાર્ગ જતો હોય પૂર્વ તરફ ને કેડીમાર્ગ જાય પશ્ચિમમાં–એવું તો ન બને. ભલે કેડિમાર્ગ હોય પણ તેની દિશા તો રાજમાર્ગ તરફની જ હોય. તેમ સમ્યગ્દર્શન–જ્ઞાન ઉપરાંત શુદ્ધોપયોગી ચારિત્રદશા તે તો મોક્ષનો સીધો–રાજમાર્ગ છે. તેના વડે તે ભવે જ કેવળજ્ઞાન ને મોક્ષ પામી શકાય છે; અને એવી ચારિત્રદશા વગરના જે સમ્યગ્દર્શન–જ્ઞાન છે તે હજી અપૂર્ણ–મોક્ષમાર્ગ હોવાથી તેને કેડીમાર્ગ કહેવાય, તે એકાદ બે ભવમાં મોક્ષમાર્ગ પૂરો કરીને મોક્ષને સાધશે. પૂરો મોક્ષમાર્ગ કે અધૂરો મોક્ષમાર્ગ,—પણ એ બંનેની દિશા તો સ્વભાવ તરફની જ છે, રાગ તરફની એક્કેય દિશા નથી. રાગાદિભાવો તો મોક્ષમાર્ગથી વિપરીત છે એટલે કે બંધમાર્ગ છે. એ બંધમાર્ગ વડે મોક્ષમાર્ગ સધાય નહીં. મોક્ષમાર્ગના આશ્રયે બંધન ન થાય, ને બંધમાર્ગના આશ્રયે મોક્ષ ન થાય.

શું શુભરાગ તે મોક્ષનું કારણ થશે? તો કહે છે કે ના; રાગ વખતે રાગનો નિષેધ કરનારો કયો ભાવ છે? રાગનો નિષેધ કરનારો ભાવ જાગ્યા વગર વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગને સાધશે કોણ? રાગ વખતે તેનો નિષેધ કરનારા જે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે તે જ મોક્ષમાર્ગ છે. આવા સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન જાગ્યા ત્યારે જ સાચો મોક્ષમાર્ગ શરૂ થયો. સમ્યગ્દષ્ટિ સ્વાનુભવના પ્રમાણમાં મોક્ષમાર્ગ સાધે છે. શુભરાગના પ્રમાણમાં કાંઈ મોક્ષમાર્ગ સધાતો નથી, એ તો બંધપદ્ધતિ છે.

“તો શું સમ્યગ્દષ્ટિ અધ્યાત્મના જ વિચારમાં રહેતા હશે? શું બંધપદ્ધત્તિના વિચાર જ તેમને આવતા નહિ હોય?” એમ કોઈને પ્રશ્ન ઊઠે તો હવેના પ્રકરણમાં તેનું સમાધાન કરે છે.

❀

સ્વર્ણપુરે ધર્માયતનો સૌ ગુરુગુણકીર્તન ગાતાં,
સ્થળ-સ્થળમાં ‘ભગવાન આત્મ’ના ભણકારા સંભળાતા;
—કણ કણ પુરુષારથ પ્રેરે,
ગુરુજી આતમ અજવાળે.




## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

### વચનામૃત—૧

**હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ. ૧.**

**‘હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ.’**

અહીં, પહેલેથી શરૂઆત કરીએ છીએ. સાદી ભાષા ને મર્મ ઘણો. આ વચનામૃત-પુસ્તક ઘણાને પ્રિય થઈ પડ્યું છે. વેદાંતવાળા વાંચે છે એનેય પ્રિય થઈ પડ્યું છે. તેનેય એમ લાગે—‘માળું આ શું!’ સાદી ભાષા, ને વાત અસ્તિની છે.

પહેલો શબ્દ ‘હે જીવ!’ ત્યાંથી ઉપાડ્યું છે. સમયસારની બીજી ગાથામાં પણ ‘जीवो चरित्तदंसणणाणढिदो’ અને સમયસારના પરિશિષ્ટમાં—૪૭ શક્તિઓમાં—પહેલી જીવત્વ-શક્તિ, એમ ‘જીવ’થી શરૂઆત કરી છે. હે જીવ! તું જીવત્વશક્તિથી જીવનારો પ્રભુ છો; અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ ને અનંત વીર્ય વગેરે અનંત શક્તિઓનો પુંજ ભગવાન આત્મા છો. તને ક્યાંય ન ગમતું હોય—પરમાં, રાગમાં, એક સમયની પર્યાયમાં, કારણ કે પર્યાયમાં પ્રગટ આનંદ નથી—તો તારો ઉપયોગ પલટાવી નાખ, અને આત્મામાં ગમાડ.

તારી વર્તમાન પર્યાય—અવસ્થા જે રાગ અને શુભ-અશુભના-પુણ્યપાપના વિકલ્પોમાં રોકાયેલી છે ત્યાં તને નહિ ગોઠે, કેમ કે ત્યાં રાગ ને દુઃખ છે. ત્યાંથી તારો ઉપયોગ પલટાવ. વર્તમાન દશામાં જે રાગ છે તે તો થઈ જ ગયો છે, તેને કેમ પલટાવવો? ત્યાર પછીની દશાને-ઉપયોગને અંતરમાં વાળ, એમ તેનો અર્થ છે. તને ક્યાંય બહારમાં સંતોષ લાગતો ન હોય, આકુળતા લાગતી હોય, તો તારી દશાના વ્યાપારને—તારા ઉપયોગને ગુલાંટ મારીને અંદર સ્વભાવમાં વાળ. જીવ શુદ્ધચૈતન્ય ને આનંદસ્વરૂપ પ્રભુ છે; ત્યાં ઉપયોગને ઢાળ—વાળ, અને આત્મામાં ગમાડ.

**'આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે.'**

—કેમ કે ત્યાં આનંદ છે, અને રાગમાં દુઃખ છે. તેથી ઉપયોગને પલટાવીને અંદર આત્મામાં ગમાડ. ત્યાં તને ગમશે. ગમાડ તો ગમશે; આત્મામાં ગમે એવું છે. અહાહા! બહુ સાદી ભાષા! બેન બોલેલાં એ બ્ર. દીકરિયુંએ લખી લીધું, ને હિંમતભાઈએ તે ભેગું કર્યું.

તારી પર તરફ વળેલી વર્તમાન દશા 'છે', નથી એમ નહિ. ત્યાંથી ગુલાંટ માર; કેમ કે પર્યાય છે એ તો પલટશે જ, ધ્રુવ હોય તે પલટે નહિ. તેથી પર તરફ—રાગ તરફ—જે ઉપયોગ છે તેને આ બાજુ—આત્મા તરફ વાળ. અહા! કથન બહુ ટૂંકું. વ્યવહારથી થાય ને વ્યવહારથી ન થાય એ બધો વિવાદ ઊડી ગયો. આત્મામાં ગમે એવું છે, કેમ કે આત્મામાં આનંદ ભર્યો છે; તને ગમશે; ગમાડ તો ગમશે.

અહીં બે વાત લીધી : (૧) ક્યાંય ન ગમતું હોય તો (૨) તારો ઉપયોગ પલટાવી નાખ. ઉપયોગ પલટાવ એ પુરુષાર્થથી કહ્યું. કેમ પલટાય? કર્મ ખસે તો પલટાય એમ નહિ. તું પોતે જ ઉપયોગને પરમાં—રાગમાં—જોડે છે એ તારો જ અપરાધ છે; તે ઉપયોગને તું જ તારા પુરુષાર્થથી આમાં—આત્મામાં—જોડી દે, પલટાવી દે. ત્યાં આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું-ગોઠે એવું છે, બીજે ક્યાંય—રાગમાં કે વ્યવહારરત્નત્રયમાં—ગોઠે એવું નથી. વસ્તુસ્વરૂપ આવું છે.

અહા! શું આ શાસ્ત્ર છે! ઘણી સાદી ભાષા છે. એનો પ્રચાર કરવો; લોકોને સોંઘું દેવું; લોકો વાંચે. અહાહા! બેનની અંદરની દશાની તો શી વાત કરવી! બેનને તો ઘણે ઠેકાણે અભિનંદન-પત્ર અપાયાં છે—રાજકોટ, મુંબઈ, ભાવનગર, સુરેન્દ્રનગર, વઢવાણ, લીંબડી, બોટાદ, કુંડલા, ઉમરાળા, જામનગર, મદ્રાસ વગેરે ઘણે ઠેકાણે. બેનનું આ શાસ્ત્ર બહાર આવ્યું ને!—એકલો સિદ્ધાન્તનો મર્મ! સમજે તેને સમજવામાં સહેલું છે.

આત્મામાં આનંદ ભર્યો છે. આનંદવાળો છે એમ નહિ—પોતે આનંદસ્વરૂપ જ છે. ત્યાં તને જરૂર ગમશે જ. આ માંગળિક છે, શરૂઆત છે.

**'જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે.'**

આત્મામાં આનંદ છે, ત્યાં જરૂર ગમશે, એમ પહેલાં અસ્તિથી કહ્યું; અને એ સિવાય બીજે ક્યાંય—પરના રાગમાં કે દયા-દાન આદિના ભાવમાં—ગમે એવું નથી, એમ નાસ્તિથી કહ્યું. એક કોર રામ ને એક કોર ગામ;—એક કોર આનંદસ્વરૂપ ભગવાન આત્મા, ને એક કોર રાગ, પર્યાય વગેરે આખું જગત. આત્મા છે ને? વસ્તુ છે ને? તે મોજૂદ ચીજ

આનંદથી ભરેલી છે. અહા! મોટો માંધાતા હોય તોય સાંભળીને ઠરી જાય; એને એમ થાય કે આ વાત કાંઈક સાચી છે; આ બધું—વ્યવહારથી થાય, નિમિત્તથી થાય—માનીએ છીએ તેના કરતાં આ વાત કોઈ જુદી જ છે.

આ પુસ્તકમાં બધો સાર—ઘણું આવી ગયું છે.

**'માટે તું આત્મામાં ગમાડ.'**

એક આત્મામાં જ ગમે એવું છે કેમ કે ત્યાં આનંદ ભર્યો છે. બીજે ક્યાંય ગમે તેવું નથી, માટે ત્યાંથી ખસી જા અને આત્મામાં ગમાડ.

એક બોલ થયો.

*

(અનુસંધાન પેજ નં. ૧૮ થી ચાલું)

મુમુક્ષુઃ—વાંચન કરવાથી ઘણું સમાધાન થાય છે.

બહેનશ્રીઃ—વાંચન કર્યા કરવું. હિંમત જ રાખવા જેવી છે.

મુમુક્ષુઃ—શાંતિ રાખીએ, પણ પાછું યાદ આવી જાય છે.

બહેનશ્રીઃ—શાંતિ ઘણી રાખી છે, પણ વધારે પુરુષાર્થ કરવો. અત્યારે ધર્મ કરવાનો ટાઈમ મળ્યો છે. બધા સંયોગો છે તે પુણ્ય-પાપના ઉદયને કારણે છે, તે પોતાના હાથની વાત નથી. જે કાળે જે બનવાનું હોય તે બને છે. તેમાં કોઈનું ડહાપણ કામ નથી આવતું. જે કાળે–જ્યારે–જે સમયે દેહ છૂટવાનો હોય ત્યારે કોઈનું ડહાપણ કામ ન આવે. વિચાર આવે, પણ જ્યારે આયુષ્ય પૂરું થાય ત્યારે કોઈનું ચાલતું નથી. કોઈના વિકલ્પ કામ નથી આવતા. આયુષ્ય હોય તો ગમે તેવા સંયોગમાં દવા લાગુ પડે છે, આયુષ્ય પૂરું થાય ત્યાં કોઈ દવા લાગુ પડતી નથી. ગમે તેવા દુઃખના પ્રસંગોમાં શાંતિ રાખવી. સંસાર આવો છે, સંયોગો ક્ષણિક છે. ગમે તેવી સ્થિતિમાં ગુરુદેવનો એક મંત્ર યાદ કરીએ તો ઘણું સમાધાન થાય એમ છે. શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુ શરણ છે, અંતરમાં જ્ઞાયક જુદો છે તે શરણ છે.

દ્રવ્ય સકળની સ્વતંત્રતા જગ માંહિ ગજાવનહારા,
વીરકથિત સ્વાત્માનુભૂતિનો પંથ પ્રકાશનહારા;
—ગુરુજી જન્મ તમારો રે,
જગતને આનંદ કરનારો.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

* શ્રોતા :—એવો પુરુષાર્થ નિરપેક્ષપણે થાય છે માટે સહજ કહ્યું?

પૂજ્ય બહેનશ્રી :—હા, એવો પુરુષાર્થ નિરપેક્ષપણે થાય છે માટે સહજ કહ્યું. સહજ કહ્યું એટલે પુરુષાર્થ કોઈ કરી દે કે એની મેળે મેળે થઈ જાય તેમ નથી. પોતાની પરિણતિ પલટો ખાય છે તેમાં તેની ભાવના એમ જ હોય કે આ એકત્વબુદ્ધિને તોડું, ભેદજ્ઞાન કરું, હું પુરુષાર્થ કરું, મારી પરિણતિ પલટો કેમ ખાય? પણ ભાવના એમ ન હોય કે તેની મેળાએ થઈ જશે.–યત્ન સાધ્ય નથી—એવી ભાવના ન હોય. પુરુષાર્થ કરું એવી ભાવના જેને હોય તેની પરિણતિ જ પલટો ખાય છે. એવી ભાવના જેને નથી હોતી અને તેની મેળાએ થાશે એવું હોય તેની પરિણતિ પલટો ખાતી જ નથી. જેને એમ ભાવના હોય કે મારે આ નથી જોતું–વિભાવથી છૂટું પડવું છે, મારે ભેદજ્ઞાન કરવું છે, મારે જ્ઞાયકને ઓળખવો છે, એવી પુરુષાર્થ કરવાની ભાવના જેને હોય, તેની જ પરિણતિ પલટો ખાય છે. એવી ભાવનાને પુરુષાર્થની સાથે સંબંધ છે. જેની ભાવના એવી હોય કે તેની મેળાએ થાશે, યત્ન સાધ્ય નથી તો તેની પરિણતિ પલટો જ ખાતી નથી. ભાવનાને પુરુષાર્થની ગતિ સાથે સંબંધ છે.

* શ્રોતા :—સ્વજનના અવસાન પ્રસંગે મુમુક્ષુ પોતાનું દુઃખ વ્યક્ત કરે છે : સ્વજન યાદ આવે છે, આકુળતા થાય છે, શાંતિ લાગતી નથી. શું કરવું?

પૂજ્ય બહેનશ્રી :—સંસારમાં તો આવું થયા જ કરે છે. સંસાર તો આવો છે. દુઃખથી ભરેલો છે. તેના ઉપર લક્ષ કરવાથી આકુળતા–દુઃખ થાય છે.

* શ્રોતા :—બહુ આકુળતા થાય છે, યાદ બહુ આવે છે.

પૂજ્ય બહેનશ્રી :—યાદ આવે તો વિચારો ફેરવી નાખવા. યાદ આવે ત્યારે સારા સારા પ્રસંગો યાદ કરવા. ગુરુદેવના પ્રસંગો યાદ કરવા. ગુરુદેવ મળ્યા તેનાથી બીજું શું વિશેષ છે? તે યાદ કરવું, ગુરુદેવ મળ્યા ને આવો ઉપદેશ મળ્યો, તે ઉપદેશ યાદ કરવો તેમાં મનુષ્યજીવનની સફળતા છે. બાકી આવું તો સંસારમાં ચાલ્યા જ કરે છે. આવા અનંત જન્મ-મરણ કર્યા છે. આ જીવે દેવના, ઢોરના, નારકીના ને મનુષ્યના અનંતા ભવ કર્યા છે.

તિર્યંચમાં પણ અનંતવાર જઈ આવ્યો ને ત્યાં ભૂખના–પ્યાસના–રોગના એમ અનેક જાતનાં દુઃખો સહન કર્યાં છે, નરકમાં કેટલાં દુઃખ સહન કર્યાં છે! એવાં દુઃખો સહન કરી કરીને આ મનુષ્યભવ માંડ માંડ મળ્યો છે. તેમાં આવો પ્રસંગ બન્યો તો પોતે મનને ફેરવી નાંખવું કે મારે તો મારા આત્માનું કરી લેવું છે. ગુરુદેવ મળ્યા છે તો વાંચન, વિચાર, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા તે કરવા જેવાં છે. જે પ્રસંગ બન્યો તેમાં શાંતિ રાખવા સિવાય બીજો કોઈ ઉપાય નથી, માટે શાંતિ જ રાખવી. આકુળતા કરવાથી તો કર્મબંધ થાય, માટે શાંતિ રાખવી તે સુખદાયક છે. મનને ફેરવી નાખવું.

ગુરુદેવનાં પ્રવચનોની ટેપ મૂકવી, શાસ્ત્ર વાંચવાં, જેમાં પોતાને રસ પડે ને સમજાય તેનું વાંચન કરવું તથા ચિત્તને તેમાં જોડી દેવું તે જ કરવા જેવું છે; ગમે તેવા દુઃખના પ્રસંગમાં વૈરાગ્યમાં ઝંપલાવવું તે આત્માર્થીનું કર્તવ્ય છે. પોતાને શ્રેયરૂપ અને સુખદાયક તે એક જ છે. બાકી આવાં જન્મ-મરણ અનંત કર્યાં છે. લોકના જેટલા પરમાણુ છે તે બધા ગ્રહણ કર્યા અને છોડ્યા, લોકનાં બધાં ક્ષેત્રે જન્મ-મરણ કરી ચૂક્યો. અવસર્પિણી-ઉત્સર્પિણી કાળના એક એક સમયે અનેકવાર જન્મ-મરણ કરી ચૂક્યો તો પણ ભવનો અભાવ થયો નથી. ભવનો અભાવ તો ગુરુદેવનો બતાવેલો માર્ગ ગ્રહણ કરે તો થાય. એવી જાતની ભાવના કરવી કે હવે આવા કોઈ પ્રસંગો જ ન બને. બસ, આત્મા સ્વરૂપે અશરીરી છે, તો હવે શરીર જ ન મળે, આત્મા એકલો ચૈતન્ય જ્ઞાયક છે તે ઓળખાઈ જાય અને જ્ઞાયકની મહિમા આવે એ જ કરવા જેવું છે. આત્મા પોતે જ્ઞાયક છે, અપૂર્વ આનંદથી ભરેલો છે. આનંદ-સુખ બધું આત્મામાં છે. તેને યાદ કરવો. બીજું યાદ આવે તો વિચારો ફેરવી નાખવા.

બહારનું યાદ કરવાથી અશુભ કર્મબંધન થાય માટે વિચારો ફેરવી નાખવા. બધા સારા પ્રસંગો યાદ કરવા. બનેલા પ્રસંગને બહુ લંબાવીને યાદ જ ન કરવો. તેને વિસ્મરણ કરી, સ્મરણ કરવા યોગ્ય દેવ-શાસ્ત્ર-ગુરુ અને તેમના પ્રસંગો યાદ કરવા, મહાપુરુષોનાં ચરિત્રો યાદ કરવાં. આવા પ્રસંગો તો ચોથા કાળમાં પણ બનતા હતા. રામ-લક્ષ્મણ-સીતા જેવાને વનમાં જવું પડ્યું હતું, સીતાજીની અગ્નિ-પરીક્ષા થઈ હતી. આ તો પંચમકાળ છે, એમાં તો આવું બન્યા જ કરે છે. માટે શાંતિ રાખવી તે જ એક સુખદાયક છે.

મુમુક્ષુઃ—છોકરાંઓ નાનાં એટલે યાદ આવે.

બહેનશ્રીઃ—સૌનાં પુણ્ય સૌની પાસે છે, તેની ચિંતા જ ન કરવી. પોતાના રાગને લઈને વિકલ્પ આવે પણ આકુળતા ન કરવી.

(અનુસંધાન જુઓ પેજ નં. ૧૬ ઉપર)

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી ચર્ચા આપવામાં આવી છે.)

✻ શ્રોતા :—દ્રવ્યની સિદ્ધિ તો પર્યાયથી થાય છે તો પર્યાય ઊંચી થઈ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—દ્રવ્યની પ્રસિદ્ધિ ભલે પર્યાય કરે છે પણ પર્યાય તો એક સમયની છે અને દ્રવ્ય તો અનંતી અનંતી પર્યાયનો પિંડ પ્રભુ છે એની કિંમત છે. એક સમયની પર્યાય ત્રણકાળ ત્રણલોકના પદાર્થો જાણે છે પણ દ્રવ્ય તો એથી અનંત ગુણી પર્યાયનો પિંડ છે એથી પર્યાય કરતાં દ્રવ્યની કિંમત અનંતગુણી છે. એવા દ્રવ્યની કિંમત થાય તો પર્યાયમાં આનંદનું વેદન આવે.

✻ શ્રોતા :—દ્રવ્યમાં પડેલો આનંદ કામમાં—ભોગવટામાં આવતો નથી અને પર્યાયનો આનંદ કામમાં—ભોગવટામાં આવે છે તે પર્યાયની કિંમત વધે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પર્યાયમાં ભોગવટામાં આવતો આનંદ એક ક્ષણ પૂરતો છે ને દ્રવ્ય તો ત્રિકાળી આનંદનો પિંડ છે. ક્ષણે ક્ષણે દ્રવ્યમાંથી આનંદનો પ્રવાહ આવે છે, એથી દ્રવ્ય આનંદનો સાગર છે. આનંદના સાગરની કિંમત વિશેષ છે.

✻ શ્રોતા :—આપ કહો છો કે જ્ઞાનની પર્યાય છે તે ધ્રુવને જાણે છે, ધ્રુવ જાણતું નથી.—તો ધ્રુવ આંધળો છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ધ્રુવ આંધળો નથી પણ મહાપ્રભુ છે. ધ્રુવ જાણવાની અવ્યક્તશક્તિઓનો પિંડ છે. પર્યાય વ્યક્ત છે, પ્રગટ છે, તે ધ્રુવને જાણે છે.

✻ શ્રોતા :—જીવ શુદ્ધસ્વરૂપી છે તે તો બરાબર પણ રાગ-દ્વેષ-મોહ સુખ-દુઃખના પરિણામને કરે છે કોણ? ને ભોગવે છે કોણ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જીવ જ રાગ-દ્વેષ-મોહના પરિણામને કરે છે ને સુખ-દુઃખના હરખ-શોકને ભોગવે છે, પણ તે વિભાવપરિણામ છે, ઉપાધિભાવ છે, તેથી જીવનું સ્વરૂપ વિચારતાં તે જીવનું સ્વરૂપ નથી તેમ કહેવાય છે અને શુદ્ધસ્વરૂપના અનુભવમાં વિભાવ આવતો નથી તેથી સ્વભાવ દૃષ્ટિએ વિભાવ આત્માથી ભિન્ન છે.



## બાળ વિભાગ

પુષ્પદંત–કવિકૃત

# યશોધર ચરિત્ર

(ગતાંકથી ચાલુ)

રાજન્! જુઓ, સંસારી જીવ મિથ્યાત્વકર્મના ઉદયથી કેવા મોહિત થઈ રહ્યા છે કે જેમને એ વાતની પણ ખબર નથી કે જીવ પોતાના જ શુભાશુભ ભાવોથી અનેક પ્રકારના કર્મ બાંધીને સંસારમાં ભ્રમણ કરે છે અને તેમના માટે અન્યજન કેટલું પણ દાન–પુણ્ય કરે પરંતુ તેમને કાંઈ પણ પ્રાપ્ત નથી થતું, ઉલ્ટાનું મિથ્યાત્વનો બંધ થાય છે.

તે અજ્ઞાની પ્રત્યક્ષ જોઈ રહ્યા છે કે પિતાના ખાવાથી પુત્રનું પેટ નથી ભરાતું તેવી રીતે પુત્રના ભોજન કરવાથી પિતાનું પેટ નથી ભરાતું. જ્યારે બાજુમાં બેઠેલાનું પેટ નથી ભરાતું તો પછી જે બીજી ગતિમાં ચાલ્યો ગયો છે તેના નિમિત્તે જે કાંઈ આપવામાં આવે તે તેની પાસે કેવી રીતે પહોંચી જાય?

વિષયાસક્ત જીવ ત્યાં સુધી અતિઘોર સંસારમાં જ ભ્રમણ કરે છે જ્યાં સુધી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત નથી કરતાં કે તેમનું ચિંતવન નથી કરતાં.

પ્રજાપતિ! એ તો નિશ્ચય છે કે સમસ્તજીવ પોતાના કરેલા કર્મો અનુસાર સંસારમાં ભ્રમણ કરી અનેક યોનિઓમાં ઉત્પન્ન થાય છે.

તે જ પ્રમાણે હું પોતાના કર્મોને આધિન મૃત્યુ પામીને હિમવાન પર્વતની દક્ષિણ દિશાના ક્ષુદ્રવનમાં મયુરના ઉદરમાં ઉત્પન્ન થયો. તે વન વાઘ, સિંહ, હાથી, ગેંડા, હરણ અને રીંછોના સમૂહથી ભયાનક છે. તે વનમાં વાઘના સમૂહો હરણોનો ઘાત કરે છે અને સિંહગણ મદોન્મત હાથીઓના સમૂહથી યુદ્ધ કરે છે.

તે નિર્જન વનમાં ક્યાંક ગીધ આદિ પક્ષીઓના સમૂહ નિવાસ કરે છે, ક્યાંક સાપ અને નોળિયા યુદ્ધ કરે છે, ક્યાંક ભીલોનો સમૂહ રાહદારને લૂંટવા માટે રાહ જોઈને ઊભો છે, ક્યાંક વાંદરો અને લંગૂરો વૃક્ષોની શાખાઓને કંપિત કરતાં ઘોર શબ્દ કરે છે, ક્યાંક અષ્ટાપદના સમૂહો વિચરે છે, ક્યાંક કસ્તૂરીને અર્થે હરણોના ઘાતમાં અનેક દુષ્ટજન વિચરી રહ્યા છે.

વૃક્ષોના સમૂહથી સઘન વનમાં અશુભ પરિણામોના યોગથી દુઃખથી વ્યાપ્ત મયૂર કુળમાં મને કુકર્મે ઉત્પન્ન કર્યો.

રાજન્! એ ભયાનક વનમાં મયૂરીના તીવ્રાગ્નિ યુક્ત ઉદરમાં ઉત્પન્ન થયો. હું ત્યાં,

જેવી રીતે દુષ્ટજનોના વચનોથી સજ્જન પુરુષ બળે છે તે જ પ્રકારે, મયૂરની ઉદરાગ્નિમાં બળવા લાગ્યો. જેવી રીતે તપાવેલી કડાઈમાં નારકી દુઃખી થાય છે તેવી જ રીતે હું પણ દુઃખી થયો. પછી મારી માતા મયૂરીએ મને જન્મ આપી બિલાડી આદિ હિંસક જીવોના ભયથી કાંટાવાળા વૃક્ષોના ખંડથી ઢંકાયેલ રેતીમાં પોતાની પાંખથી ઢાંકી પેટની ગરમીથી સંતપ્ત કર્યો.

ત્યારબાદ દિવસો પૂર્ણ થતાં મને ઈંડામાંથી બહાર કાઢ્યો. પછી જ્યાં સુધી હું ચાલવા અને ઉડવા યોગ્ય ન થયો ત્યાં સુધી મારી માતાએ મને પોતાની ચાંચથી અન્નકણ ખવડાવ્યા, તેનાથી જ મારું ઉદર પૂર્ણ થતું હતું.

આ રીતે કાળ વ્યતીત કરતાં કરતાં એક દિવસ વનમાં ભ્રમણ કરતી માતાને દુષ્ટ ભીલે મારી અને મને જીવતો જ પકડી લીધો. પછી માતાને એક વસ્ત્રમાં બાંધી અને મને બીજા વસ્ત્રમાં લપેટી પોતાના ઘરે ચાલતો થયો.

નૃપવર! તે સમયે હું અનેક પ્રકારે રુદન પણ કરતો હતો પરંતુ એ દુષ્ટ શિકારીના હૃદયમાં જરા પણ દયા ન આવી. તે ભીલે ગામમાં જઈને મારી મૃત માતાને તો કોટવાલને વેંચી દીધી અને મને પોતાને ઘેર લઈ જઈને પીંજરામાં બંધ કરી દીધો.

ત્યારબાદ મને જોઈ ભીલનીએ પોતાના પતિને કહ્યું કે : રે દુષ્ટ પાપિષ્ઠ! તું આ બાળકને કેમ લાવ્યો? તેને મારવાથી શું થશે? તેનો એક કોળીયો પણ નહીં થાય. શું તેનાથી પેટ ભરાઈ જશે? તું મોટી મયૂરી તો કોટવાલને દઈ આવ્યો અને નાનું બાળક અહીં લાવ્યો છે. હવે શું તને ખાવ? રે નીચ! હવે તું મારી સામેથી ચાલ્યો જા, મને તારું મોઢું નહીં દેખાડ! આ પ્રકારના પોતાની પત્નીના કઠોર અને લૂખા વચનો સાંભળી ભીલ કહેવા લાગ્યો : અરે દુષ્ટની! તું કેમ ઘબરાય છે? હમણાં જઈને આ બચ્ચાને પણ વેંચી આવું છું. તેનાથી જે કાંઈ પૈસા મળશે તેનું અનાજ લાવીને તને આપું છું. પછી સરખી રીતે પેટ ભરી લેજે.

આમ કહી ભીલે મને (મયૂર બાળક) પણ લઈ જઈને કોટવાલને વેચી દીધો. કોટવાલે મને માર્યો નહીં પરંતુ મારું પાલન પોષણ કર્યું તથા કૂતરા, બિલાડી આદિ જીવોથી મારી રક્ષા કરી. પૃથ્વીનાથ! એ કોટવાલના ઘરમાં હું હંસની જેમ તેની જેવી કાંતિયુક્ત શરીરવાળો થયો. ત્યાં હું અનાજના દાણા ખાઈને મનુષ્યોને આનંદિત કરતો સુમધુર શબ્દ કરતો હતો.

નૃપશ્રેષ્ઠ! પાપી જીવોના શરીર પણ આહારની સાથે બંધાયેલા હોય છે. મેં કોટવાલના ઘરમાં પેટ ભરીને ભોજન કર્યું જેનાથી પંચવર્ણના રત્નોની માળા જેવા પીછાઓ થયા તથા મારું સમસ્ત શરીર અતિ શોભાયુક્ત થયું. મને જોઈ હર્ષિત થઈ કોટવાલે વિચાર્યું કે આ બાળકને ઉજ્જૈની નગરી જઈને મહારાજ યશોમતિને ભેટ કરીશ. (ક્રમશઃ)

## શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહિલા સમાજ-સોનગઢ દ્વારા

### અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિશેષ આનંદોલ્લાસસહ સંપન્ન,

### પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૧મો

# ❀ સમ્યક્ત્વજયંતી મહોત્સવ ❀

ધન્ય! સમ્યક્ત્વમાર્ગદાતા પૂજ્ય ગુરુદેવશ્રી, ધન્ય! સમ્યક્ત્વવિભૂષિત ભગવતીમાતા, ધન્ય! ફાગણ વદ ૧૦.

અહો! ભવોદધિ તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શાસનના અનોખા રત્ન, તેઓના સદુપદેશથી ભવાંતકારી સ્વાનુભૂતિયુક્ત સમ્યક્ત્વને પ્રાપ્ત કરનાર—પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીનો સમ્યક્ત્વ પ્રાપ્તિનો મહોત્સવ સુવર્ણપુરીમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી ઘણા વર્ષોથી ઉજવાય છે. આ વર્ષે ૮૧મો સમ્યક્ત્વ-જયંતી મહોત્સવ વિશેષ આનંદ ઉલ્લાસ સહ ઊજવવામાં આવ્યો.

### ✱ પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ ✱

આ સમ્યક્ત્વજયંતી મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૧-૪-૨૦૧૩ થી તા. ૫-૪-૨૦૧૩ સુધી પંચદિવસીય ભવ્ય સમારોહપૂર્વક, શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહિલા સમાજ, સોનગઢ દ્વારા, અનેક વિશેષતાઓ સહ અત્યંત ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવ્યો. આ મહોત્સવમાં ભાગ લેવા માટે દેશ-વિદેશના લગભગ ૧૫૦૦ મુમુક્ષુઓ સુવર્ણપુરીમાં એકત્ર થયા હતા. આ ઉત્સવાર્થે સ્વાધ્યાયમંદિરના પાછળના ભાગમાં મંડપ બાંધવામાં આવ્યો હતો. મંડપને સમ્યક્ત્વમહિમાસૂચક કથનો તથા પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના નિજાત્મ-કલ્યાણકારી વચનોના રંગબેરંગી બેનરોથી સુશોભિત કરવામાં આવ્યો હતો. આયોજક બહેનો તરફથી ''શ્રી રત્નત્રયમંડળ પૂજન વિધાન''નું માંડલું અત્યંત સુંદરરૂપે બનાવવામાં આવ્યું હતું. તથા મુખ્ય દિવસે (ફાગણ વદ-૧૦) પૂજ્ય બહેનશ્રીના સમ્યક્ત્વધામ વાંકાનેર તથા દેવો દ્વારા પૂજ્ય બહેનશ્રીના વધામણાના ચિત્રો દ્વારા સ્ટેજ સજાવવામાં આવ્યું હતું. જે અત્યંત ધ્યાનાકર્ષક લાગતું હતું.

### ✱ ઉત્સવનો દૈનિક કાર્યક્રમ ✱

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, પરમાગમમંદિરમાં શ્રી રત્નત્રયમંડળ પૂજન વિધાન વિવિધ બેનરોથી શોભિત વિશાળ મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર નાટક ઉપર CD પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિશેષ ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, સમૂહ જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, સાંજે સાંજી-ભક્તિ રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું બહેનશ્રીનાં વચનામૃત તથા શ્રી સમયસાર ઉપર VDO પ્રવચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે ગતિવિધિઓપૂર્વક દૈનિક ક્રમ ચાલતો હતો. ઉત્સવના બધા જ કાર્યક્રમોમાં મુમુક્ષુઓએ ઘણા જ

ઉત્સાહથી લાભ લીધો હતો. બધા કાર્યક્રમોમાં કાર્યક્રમ-સ્થળ (મંદિર તથા મંડપ) ભરચક થઈ જતાં હતાં.

ઉત્સવના દિવસોમાં બધા મંદિરો વિશિષ્ટરૂપે સજાવવામાં આવ્યાં હતાં. આયોજક મહિલા સમાજ તરફથી ઉત્સવના ચારે દિવસ સાંજી-ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આયોજક મહિલા સમાજ, સોનગઢ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો (૧) પૂજ્ય બહેનશ્રી સાથે 'કહાન એક્સપ્રેસ' દ્વારા વઢવાણની મંગલકારી યાત્રા તથા સ્વાધ્યાયમંદિરના ઉત્સવના મુખ્ય અંશોની ડીવીડી (૨) ત્રૈલોક્યમંડન હાથીને સમ્યગ્દર્શન (નાટિકા) (૩) પ્રભુ ઋષભદેવ સુખદાયી રે (નાટિકા) (૪) સમકિત સૂરજ ઊગ્યો રે ચૈતન્ય ચોકમાં (નાટિકા) રજૂ કરવામાં આવ્યા હતા. આ બધા જ સાંસ્કૃતિક કાર્યક્રમો મુમુક્ષુઓને અત્યંત પ્રિય અને રોચક લાગ્યા હતા.

## * પૂજ્ય બહેનશ્રીની વધાઈ *

તા. ૫-૪-૧૩ને શુક્રવારના મહા પવિત્ર દિવસે ભવ્ય મંડપમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ તેમની મંગલ વધાઈનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે બહેનોએ મધુર ભક્તિગીતોથી વાયુમંડળને ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

આ મંગલ અવસર પર સર્વશ્રી બ્ર. શ્રી વજુભાઈ (વઢવાણ) ઉપસ્થિત હતા, બપોરના શાસ્ત્ર પ્રવચનમાં ડૉ. પ્રવીણભાઈ દોશી (રાજકોટ), શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), શ્રી વિરાટભાઈ વોરા (અમદાવાદ), શ્રી નિરંજનભાઈ (સુરત) તથા શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ) દ્વારા અત્યંત ભક્તિભાવથી ભરપૂર શાસ્ત્ર–સ્વાધ્યાય કરાવવામાં આવ્યો હતો. તથા ધાર્મિક શિક્ષણવર્ગમાં શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ), શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) તથા શ્રી નિતીનભાઈ શેઠ (વાંકાનેર) દ્વારા ગુરુ મહિમાપૂર્ણ સુંદર શૈલીથી અધ્યાપન કરાવવામાં આવ્યું હતું.

આ મહોત્સવ પર કાયમી મંડલવિધાનપૂજા ૬૭ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

આ મંગલ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૨,૦૬,૩૯૩=૦૦ ની ઉપજ થઈ હતી.

| | | |
|---|---|---|
| ૧. ૮૧ના અંકમાં ૮૧ × ૧૧૨૫ | = | ૯૧,૧૨૫.૦૦ |
| ૨. વધાઈના ૩૦૦ × ૨૦૦ | = | ૬૦,૦૦૦.૦૦ |
| ૩. પ્રાસંગિક વિધાનપૂજા ૧૦૦૧× ૩ | = | ૩,૦૦૩.૦૦ |
| ૪. જિનેન્દ્ર આરતીમાં | = | ૬,૦૧૫.૦૦ |
| ૫. વધાઈના સ્ટેજ પર | = | ૪૬,૨૫૦.૦૦ |
| કુલ | = | ૨,૦૬,૩૯૩.૦૦ |

આ મહોત્સવમાં આયોજક શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહિલા સમાજ સોનગઢ દ્વારા, મુમુક્ષુઓ માટે ભોજન તથા નિવાસની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

❑ ❑ ❑

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી પંચાસ્તિકાયસંગ્રહ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

## મંગલ પત્રિકાલેખન વિધિ

તા. ૩-૪-૨૦૧૩, બુધવાર, ફાગણ વદ-૮ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૪મી મહા મંગલકારી જન્મજયંતી તથા શ્રી જંબૂદ્વીપ-બાહુબલી જિનાયતનના શિલાન્યાસની મંગલ પત્રિકાઓની લેખનવિધિ સેંકડો મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં અત્યંત ભક્તિપૂર્વક સંપન્ન થઈ. સવારે રત્નત્રયમંડલ પૂજન વિધાન બાદ પૂજ્ય ગુરુદેવશ્રીના જન્મજયંતી મહોત્સવની પત્રિકા શ્રીમતી ઉષાબેન હર્ષદભાઈ કામદારના નિવાસસ્થાનેથી તથા શિલાન્યાસની પત્રિકા શ્રી નવીનભાઈ પોપટલાલ શાહના નિવાસસ્થાનેથી વાજતે-ગાજતે ભક્તિ સહિત મંડપમાં લાવવામાં આવી. પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન બાદ બંને પત્રિકાઓનું વાંચન તથા લેખનવિધિ અત્યંત ઉલ્લાસ સહ સંપન્ન થઈ.

## આત્મધર્મના નવીન વિભાગ અંગે

આત્મધર્મના આવતા મહિનાના અંકથી બાળકો તથા પ્રૌઢ મુમુક્ષુભાઈઓ–બહેનો માટે ખાલી જગ્યાના પ્રશ્નો સામાન્ય જૈનધર્મને લગતા, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો તથા પુરાણના આધાર ઉપર આપવામાં આવશે. બધા મુમુક્ષુઓએ તે કાગળ આત્મધર્મમાંથી કાઢી લઈ જવાબ પોતાની સમજણ મુજબ જવાબ લખવા. તે પછીના મહિનામાં તે પ્રશ્નોના ઉત્તર આત્મધર્મમાં આપવામાં આવશે તે મુમુક્ષુઓએ જાતે તપાસી લેવા વિનંતી.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ આત્મામાં અનંતા ગુણો છે તે વીતરાગભાવે છે. અનંતા ગુણોમાં વીતરાગતા ભરી છે, રાગ ભર્યો નથી. તેથી આત્મા રાગનું કારણ નથી કે રાગનું કાર્ય પણ નથી. અનંત અનંત અનંત અનંત ગુણો છે એ બધા વીતરાગ સ્વભાવે છે. એ વીતરાગ ગુણોનો ધરનાર વીતરાગી ભગવાન આત્મા વીતરાગી પર્યાયનું કારણ છે પણ રાગની પર્યાયનું કારણ નથી, તેમ એ રાગની પર્યાય વીતરાગી પર્યાયનું કારણ નથી. જે રાગ ઉત્પન્ન થાય છે એ અદ્ધરથી ઉત્પન્ન થાય છે. અજ્ઞાની અજ્ઞાનને લીધે પર્યાયબુદ્ધિથી રાગને કરે છે, પણ રાગનું કારણ થાય એવો એક પણ ગુણ તેનામાં નથી. જેમ ભગવાન આત્મા રાગનું કારણ નથી તેમ એ રાગનું કાર્ય પણ નથી. પર્યાયબુદ્ધિમાં નિમિત્તને આધીન થઈને અદ્ધરથી જે રાગાદિ ઉત્પન્ન કરે છે તેનું કારણ દ્રવ્યસ્વભાવ નથી. ૬૪૫.

✻ ભગવાનની વાણીને ૩૧મી ગાથામાં ઈન્દ્રિય કહી છે. ઈન્દ્રિય દ્વારા અણ-ઈન્દ્રિય જણાય નહીં, કેમ કે પાંચ ઈન્દ્રિયોના વિષયના વ્યાપારથી પ્રભુ રહિત છે. આવી વાત છે પણ નવરાશ ન મળે, સાંભળવા ને વિચારવા વખત પણ ન મળે! અરેરે! ભગવાન તું પરિપૂર્ણ છો તેવી પ્રતીતિ લાવ ભાઈ! દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા એ તો રાગ છે, તેનાથી પાર, શુદ્ધ અતીન્દ્રિય આનંદનો પિંડ ભગવાન છે. તે મન-વચન-કાયાથી તો મળે તેવો નથી, દ્રવ્યકર્મ–નોકર્મથી મળે તેવો નથી પણ પુણ્યના ભાવથી પણ મળે તેવો નથી. કેમ કે ભાવકર્મથી રહિત આત્મા છે. ભાવકર્મ એટલે વિકલ્પની વૃત્તિ, ભલેને ભગવાનના સ્મરણની કે વાંચન આદિની વૃત્તિ હોય પણ તે ભાવકર્મ છે, વિકાર છે, તેનાથી પ્રભુ ભિન્ન છે. વસ્તુ છે, જેની અસ્તિ છે, હયાતી ધરાવતું જે આત્મતત્ત્વ છે, તે દ્રવ્યકર્મથી ભિન્ન છે અને બાહ્ય નિમિત્તો જે નોકર્મ તે બધાથી ભિન્ન છે. ૬૪૬.

✻ નિમિત્ત અને રાગ તો કયાંય રહ્યા પણ એક સમયની શુદ્ધ પર્યાય પણ અવિદ્યમાન–અસત્યાર્થ–અભૂતાર્થ હોવાથી જૂઠી છે. એકરૂપ ધ્રુવસ્વભાવ જ વિદ્યમાન છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે. એકરૂપ સ્વભાવમાં ગુણભેદ પર્યાયભેદ છે જ નહિ. તેથી તે જૂઠા છે. ૬૪૭.

✻

આત્મધર્મ
મે-૨૦૧૩
અંક-૯ * વર્ષ-૭

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org